# શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## "હાલાર દૂધ ધારા"

રજીસ્ટ્રેશન નં. : જે એમ આર/સે (સં) દૂધ ૪૧૭૬૪, તા. ૧૫-૭-૨૦૧૩


તા. / /૨૦

જા.નં.દૂધ સંઘ/૨૦૨૩-૨૪/૮૭

તા. ૦૧/૦૭/૨૦૨૩

**દસમી વાર્ષિક સાધારણ સભાની નોટિસ**

આથી શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. મુ. હરિપર સંયોજીત સભાસદ દૂધ મંડળીને જણાવવાનું કે દૂધ સંઘની સને ૨૦૨૨-૨૩ ના વર્ષની દસમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૫/૦૭/૨૦૨૩ ને શનિવાર ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હોટેલ કલાતીત, ત્રણ બત્તી, જામનગર મુકામે રાખવામા આવેલ છે. આથી સભાસદ મંડળીના ચેરમેનશ્રી/પ્રતિનિધિશ્રી ને આ સભામાં હાજર રહેવા જણાવવામાં આવે છે.

**કાર્યસુચિ**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી આપવા બાબત.

૨. સને ૨૦૨૨-૨૩ ના વર્ષ દરમ્યાન અંદાજ કરતાં વધુ થયેલા ખર્ચને મંજૂર કરવા બાબત.

૩. સને ૨૦૨૨-૨૩ ના વર્ષના હિસાબો રજૂ કરવા બાબત.

૪. સને ૨૦૨૨-૨૩ ના વર્ષના નફાની ફાળવણી અંગે નિયામક મંડળે કરેલ ભલામણ મંજૂર રાખવા બાબત.

૫. સને ૨૦૨૨-૨૩ ના વર્ષના સંઘના ઓડિટ અને દુરસ્તી અહેવાલ બાબત.

૬. સને ૨૦૨૩-૨૪ ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

૭. સને ૨૦૨૨-૨૩ ના વર્ષ દરમ્યાન નિયામક મંડળે કરેલી કાર્યવાહી મંજૂર રાખવા બાબત.

૮. સંઘના પેટાનિયમોની મર્યાદામાં રહી બહારનું કર્જ લેવાની મર્યાદા નક્કી કરવા બાબત.

૯. આંતરીક ઓડિટ રિપોર્ટ બાબત.

૧૦. ટેક્સ ઓડિટરની નિમણૂકની બહાલી આપવા અંગે

૧૧. ડેડ સ્ટોક રજીસ્ટર વંચાણે લઈ બહાલી આપવા બાબત.

૧૨. પ્રમુખશ્રી અથવા તેમની મંજૂરીથી બીજુ જે કાંઇ રજુ કરવામાં આવે તે યોગ્ય કરવા બાબત.

આભાર સહ

પંકજભાઈ માદરીયા
ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર
શ્રી જામનગર જિલ્લા સહ.દૂ.ઉ.સંઘ લી.
(નિયામક મંડળના આદેશથી)

નોંધ:- ૧. સંઘની સભ્ય મંડળીએ નિમણૂક કરેલ પ્રતિનિધિના ઠરાવની નકલ મોબાઈલ નંબર તથા મેઈલ આઈડી સાથે અગાઉથી ફરજિયાત મોકલવાની રહેશે.

૨. સાધારણ સભામાં કરવાના થતાં કામગીરીને લગતા હિસાબો,પત્રકો, ઓડિટ રિપોર્ટ, અંદાજ પત્ર,વગેરે સભાસદ મંડળીઓના સંઘમાં નોંધાયેલ મેઈલ આઈડી પર મોકલી આપવામાં આવેલ છે.

૩. હિસાબો અંગે તથા અન્ય બાબતો અંગે જો કોઈ પ્રશ્ન હોય તો દૂધ સંઘને પાંચ દિવસ અગાઉ લેખિતમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

૪. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તે જ દિવસે અડધા કલાક બાદ હાજર રહેલ સભ્યોનું કોરમ ગણી સભાની કાર્યસૂચિના કામોનો નિકાલ કરશે. જે કાયદેસર ગણાશે. જે સભ્યશ્રીઓને માન્ય રહેશે.


ઓફીસ એડ્રેસ : પ્લોટ નં. ૪૩/B, હાપા ઈન્ડસ્ટ્રીયલ એરીયા, હાપા, જામનગર - ૩૬૧૧૨૦ ફોન નં. (૦૨૮૮) ૨૫૭૧૧૦૦
E-mail : jamnagardcmpu@gmail.com


Scanned with OKEN Scanner